કેસ દાખલ થયા તારીખ	:	૧૩/૦૮/૨૦૨૦		
કેસ રજી. થયા તારીખ	:	૧૩/૦૮/૨૦૨૦		
કેસ ફેંસલ થયા તારીખ	:	૧૫/૦૪/૨૦૨૬		
સમયગાળો	:	વર્ષ	માસ	દિવસ
		૦૫	૦૮	૦૨

બાયડના મહે. એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલતમાં,
મુ.બાયડ, જી. અરવલ્લી

ફોજદારી કેસ નંબર : ૩૬૫/૨૦૨૦
આંક :- ૪૧

ફરીયાદી:- પટેલ નવનીતભાઈ દેવજીભાઈ,
રહે.નારાયણનગર સોસાયટી,તા.બાયડ,જી.અરવલ્લી.

વિરુધ્ધ

આરોપી:- પટેલ સંજયકુમાર સુભાષભાઈ,ઉ.વ.૩૫
રહે.રામપુરકંપા (વસાદરા),તા.બાયડ,જી.અરવલ્લી.

ગુન્હો :- ધી. નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ અને ૧૪૨ મુજબ

ફરીયાદી તરફે વિ. વ.............શ્રી એન.સી.પટેલ
આરોપી તરફે વિ.વ...............શ્રી એ.કે.પટેલ

:: ઠરાવ ::

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે, આ કામના ફરીયાદી મોજે બાયડ મુકામે રહે છે અને વિષ્ણુપુરા,તા.કપડવંજ મુકામે ખેતીવાડીનો વ્યવસાય કરે છે.આરોપી રામપુરકંપા(વસાદરા) ખાતે રહે છે અને આદિત્ય ઈલેકટ્રોનિકસ બાયડમાંથી ટીવ ફ્રીજ વીગેરે માલસામાન સપ્લાય કરવાનો કામકાજ કરે છે. ફરીયાદી તથા આદીત્ય ઈલેકટ્રોનિકસના માલીક સાથે મિત્રતાના સબંધ હોય અવાર નવાર ફરીયાદી ત્યાં આવતા જતા હતા તે

સમયે આરોપી અને ફરીયાદી વચ્ચે ઓળખાણ થયેલી અને લાંબા ગાળે બંને વચ્ચે સારા સબંધો પ્રસ્થાપિત થયેલા જેથી આરોપીને ફરીયાદી ઓળખે છે.ત્યારબાદ ફરીયાદીને આરોપીએ ફેબ્રુઆરી –૨૦૨૦ માં બાયડ મુકામે મળેલા અને જણાવેલ કે મારે યુનિયન બેન્ક ઓફ ઈન્ડિયા ગાબટ શાખામાં કે.સી.સી.નુ ટર્ન ઓવર કરવા માટે રૂા.૭,૦૦,૦૦૦/– ની જરુરીયાત છ તો મને હાથ ઉછીના આપો સદર રકમ હુ તમોને ખાતુ ટર્ન ઓવર કરેથી પરત કરી દઈશ જેથી ફરીયાદી અને આરોપી વચ્ચેના ગાઢ ઓળખાણના સબંધ હોય અને ફરીયાદીને ખેતી તેમજ બચતની આવકની હાથઉછીની સિલકમાંથી ફેબ્રુઆરી –૨૦૨૦ માં આરોપીને રૂા.૭,૦૦,૦૦૦/–(અંકે સાત લાખ પુરા) રોકડા હાથ ઉછીના આપેલ અને સદર રકમ આરોપીએ સ્વીકારી તે જ દિવસે રકમ પરત કરવાના ઈરાદા સહીત ફરીયાદીને તેમના ખાતા નં.૩૧૦૩૦૨૦૧૦૦૫૪૨૯૬ નો ચેક નં.૧ ૨૦૯૧૮૩૬,યુનિયન બેંક ઓફ ઈન્ડિયા,ગાબટ શાખાનો તા.૨૫/૦૪/૨૦૨૦ નો રકમ રૂા.૭,૦૦,૦૦૦/–(અંકે રૂપીયા સાત હજાર પુરા) નો ફરીયાદીના નામનો ચેક તમામ વિગતો ભરીને સહી કરી ફરીયાદીને આપેલો અને સદર ચેક આપતી વખતે વિશ્વાસ અને ભરોસો આપેલ કે સદર ચેક પાકતી તારીખે ખાતામાં કલીયરીંગ માટે મોકલશો તો ચેકમાં લખેલા નાણાં ચોકકસ મળી જશે અને હુ મારા ખાતામાં પુરતુ ભંડોળ રાખીશ જેથી ફરીયાદી આરોપીની વાતમાં વિશ્વાસ અને ભરોસો રાખી ચેક સ્વીકારેલો. સદર ચેક ફરીયાદીએ આરોપીની સુચના અનુસારા તેના ખાતમાં બેંક ઓફ બરોડા શાખામાં તા.૦૫/૦૬/૨૦૨૦ નારોજ ભરેલો સદર બેંકે આરોપીના ખાતામાં સિટીએસ કલીયરીંગ કરતા આરોપીના ખાતામાં પુરતુ ભંડોળ ન હોવાના કારણે બેંક ઓફ બરોડાના તા.૦૬/૦૬/૨૦૨૦ ના રિર્ટન મેમાના કારણ નં. ૧ ''ફંડસ ઈનસફીશિયન્ટ'' ના શેરાના કારણ સાથે પરત થયેલો અને ફરીયાદીની ખાતાવાળી બેંક મારફતે ચેક વગર સ્વીકારાયે તા. ૧૭ /૦૬/૨૦૨૦ નારોજ પરત થયેલો અને ચેકમાં લખેલ રકમ ફરીયાદીને મળેલ નહી.ત્યારબાદ ફરીયાદીએ તેમના વકીલશ્રી મારફતે ચેક રીટર્ન થયાની કાયદાકીય નોટીસ રજી.પો.એડી.થી તા.૧૪/૦૭/૨૦૨૦ ના રોજ મોકલેલી. જે નોટીસ આરોપીને તા.૧ ૭/૦૭/૨૦૨૦ ના રોજ મળી ગયેલી. આરોપીને નોટીસ મળવા છતા નોટીસનો કોઈ જવાબ કે નિયત સમયમર્યાદામાં ચેકની રકમ વસુલ આપેલ નથી. જેથી ફરીયાદીએ અત્રેની કોર્ટની હકુમતમાં ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮, ૧૪૨ મુજબનો ગુન્હો કરેલ જેથી સદર ફરીયાદ કરવાનુ કારણ ઉત્પન થયેલ છે.

(૨) આ કામે આરોપીને સમન્સ કરતાં સમન્સની બજવણી થતાં તેઓ મુદતે નામદાર કોર્ટ સમક્ષ હાજર થયેલ છે અને આરોપીને ક્રી.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે ફરીયાદીએ રજુ કરેલ ફરીયાદ તથા સાથેના દસ્તાવેજોની નકલો આપવામાં આવેલી. ત્યારબાદ આરોપી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮,૧૪૨ ના ગુન્હા સંબધે આરોપીની પ્લી **આંક–૦૫** થી લેતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ હોય, ત્યાર બાદ સદરહુ કામ ફરીયાદ પક્ષના પુરાવા માટે રાખવામાં આવેલ છે.

(૩) આ કામે ફરિયાદ પક્ષ તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા છે.

મૌખીક પુરાવો :

ક્રમ	સાહેદની વિગત	આંક
૦૧	ફરીયાદી – પટેલ નવનીતભાઈ દેવજીભાઈની સોગંદપર સરતપાસ	૦૭

દસ્તાવેજી પુરાવો :

ક્રમ	દસ્તાવેજની વિગત	આંક
૦૧	આરોપીએ આપેલ ફરીયાદીને અસલ ચેક	૨૮
૦૨	બેંકમાં ભરેલ રકમની કાઉન્ટર સ્લીપ	૨૯
૦૩	બેંકે આપેલ રીર્ટન મેમો	૩૦
૦૪	બેંક ઓફ બરોડા બાયડ શાખાને જાણ કરતો પત્ર	૩૧
૦૫	આરોપીને વ.શ્રી મારફતે આપેલ ડીમાન્ડ નોટીસની સ્થળપ્રત	૩૨
૦૬	નોટીસ કર્યાની આર.પી.એડીની પહોંચ	૩૩
૦૭	આર.પી.ડી.એડીની એકનોલેજમેન્ટ સ્લીપ	૩૪
૦૮	બેંક ઓફ બરોડા બાયડ શાખાના બ્રાંચ મેનજર ફરીયાદીના નામનુ ખાતાનુ સર્ટીફીકેટ રજુ	૨૧
૦૯	ફરીયાદીના ખાતાની વીગત દર્શાવતુ પત્રક	૨૨

(૪) ફરીયાદપક્ષે ફરીયાદીએ **આંક–૧૨** થી પુરાવો બંધ કરી આ કામે આરોપી સામે ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ ૩૧૩ અન્વયે તેમનુ વિશેષ નિવેદન નોંધવા માટે રાખવામા આવેલ.ત્યારબાદ આ કામે ફરીયાદી પક્ષે તરફે **આંક–૧૬** થી લેખીત દલીલો તેમજ આ કામે આરોપી પક્ષ તરફે **આંક–૩૯** થી લેખીત દલીલો ધ્યાને લીધેલ છે.આ કામે ફરીયાદી તરફે વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ.

(૫) આક્ષેપિત ગુન્હો સાબિત કરવા માટે મારા નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

<u>-: મુદ્દાઓ :-</u>

(૬) આ કેસનાં ન્યાય નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ફરીયાદીને કાયદેસરના લ્હેણા પેટે પોતાના બેક એકાઉન્ટનો તા. ૨૫/૦૪/૨૦૨૦ ના રોજનો ચેક નં- ૧૨૦૯૧૮૩૬ નો રકમ રૂ. ૭,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા સાત લાખ પુરા) યુનીયન બેંક ઓફ ઈન્ડિયા,ગાબટ શાખાનો આપેલ જે ચેક ફરીયાદી એ તેમના ખાતાવાળી બેંકમાં ભરતા જે ચેક પરત ફરેલ જે ચેક ભરતા સદર ઉપરોકત જણાવેલ ચેક સ્વીકારાયા વિના ''ફંડ ઈનસફીશયન્ટ' શેરાથી પરત ફરેલ, તેથી તમો આરોપી ને રજી. એ.ડી.થી નોટીસ આપેલ જે નોટીસ આરોપીનાઓએ સ્વીકારી નોટીસનો જવાબ નહી આપી તેમજ લેણા નીકળતા નાણાં નહી આપી, તમો આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ અને ૧૪૨ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાના મારા જવાબો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

<u>:: કા ર ણો ::</u>

(૮) **<u>મુદ્દા નં.૧ :-</u>**

સદર કામે આરોપી ઉપર મુકવામાં આવેલ ગુનાના આક્ષેપો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે આંક-૦૭ થી ફરીયાદી- પટેલ નવનીતભાઈ દેવજીભાઈનાએ સોગંધનામાં ઉપર લેખીત સરતપાસ રજુ કરેલ છે. જેમાં તેઓએ તેમની આંક-૧ ની અરજીમાં જણાવેલ હકીકતો મુજબની હકીકતો તેમની સરતપાસમાં જણાવતાં હોય, જેથી પુનરાવર્તનનો દોષ ટાળવા સારુ સદર સરતપાસની ચર્ચા અત્રે કરવામાં આવતી નથી.

આ કામના આરોપીઓને ફરીયાદીની ઉલટતપાસ કરતા સોગંદ પર જણાવેલ છે કે એ વાત ખરી છે કે હુ ખેતીનો વ્યવસાય કરતો હોય તે દર્શાવતો કોઈ આધાર પુરાવો આ કામે હાલની ફરીયાદ સાથે રજુ કરેલ નથી.એ વાત ખરી નથી કે આરોપીના કેટલા ભાઈઓ છે તે તથા તેના માતા પિતાને હુ જાણતો નથી.એ વાત ખરી છે કે આ કામે આરોપી મને કઈ તારીખે તથા કયા દિવસે મળેલ તે અંગેની કોઈ હકીકત મારી ફરીયાદ તથા નોટીસમાં જણાવેલ નથી.એ વાત ખરી છે કે હુ ધીરધારનો કોઈ લાઈસન્સ ધરાવતો હોય તેવો કોઈપણ પુરાવો આ કામે રજુ કરેલ નથી.એ વાત ખરી છે કે છેલ્લા દસ વર્ષ દરમ્યાન હુ બાયડ કોર્ટ ખાતે ચેક અંગે ઘણા બધા કેસોમાં ફરીયાદી તરીકે હાજર થયેલ છુ.એ જરુરી નથી કે ઈન્કમટેક્ષના કાયદા અન્વયે રૂપીયા વીસ હજારથી વધુ રકમ નો વ્યવહાર ચેકથી કરવો પડે.એ વાત ખરી છે કે એપ્રિલ – ૨૦૨૦ એ સંપુર્ણ લોકડાઉનનો સમય હતો.એ વાત ખરીછ` કે આ કામે આરોપીને જે ફરીયાદમાં જણાવેલ રકમ ફેબ્રુઆરી –૨૦૨૦ માં આપેલ હોવાનુ જણાવેલ છે પરંતુ કઈ તારીખે અને કોની હાજરીમાં આપેલ તેવી કોઈ હકીકત જણાવેલ નથી.એ વાત ખરી છે કે આ સાત લાખ રુપીયા મારી પાસે કયાથી આવેલ તે અંગેનો કોઈ આધાર કે પુરાવો આ કામે રજુ કરેલ નથી.એ વાત ખરી નથી કે બેંકો દ્રારા પાક ધિરાણ ની રકમની લેવડ દેવડ જુન થી ઓગષ્ટ સુધી થાય છે.એ વાત ખરી છે કે આરોપી પાસે કેટલી જમીન છે તે જાણવાનો પ્રયત્ન મે કરેલ છે.એ વાત ખરી છે કે તે હકીકત મે મારી ફરીયાદ કે અન્ય કોઈ જગ્યાએ જણાવેલ નથી.એ વાત ખરી છે કે જો કોઈ પણ ખેડુત સાત લાખ રુપીયા સુધીની ક્રેડીટ રાખતો હોય તો તે મોટો જામીનદાર ગણાય.એ વાત ખરી છે કે આદીત્ય ઈલેકટ્રોલીક તે આરોપી સંજયભાઈની માલીકીની નથી.એ વાત ખરી છે કે આરોપી આદીત્ય ઈલેકટ્રોનીકસ નામની દુકાનમાં નોકરી કરતો હતો.એ વાત ખરી છે કે આરોપી કેટલી ખેતીની જમીન ધારણ કરે છે તેવો પણ કોઈ આધાર કે પુરાવો મે આ કામે રજુ કરેલ નથી.એ વાત ખરી છે કે હુ ખેતીની જમીન ધરાવતો હોય અને જેથી તેમા કામે આવતા મજુરો તથા રોજમદારોને જે કઈ દૈનીક રૂપીયા આપુ તેની નોંધ હુ મારા રોજમેળમાં કરુ છુ.મારા એક દીકરી નામે સુમીત્રાબેન છે.એ વાત ખરી છે કે મે નામદાર કોર્ટમાં સોગંદનામાં ઉપર જે હકીકત જાહેર કરેલ છે તે તમામ સાચી હકીકત જાહેર કરેલ છે તેમા કોઈ હકીકત છુપાવેલ નથી.એ વાત ખરી નથી કે બાયડ મુકામે મારો ખેતી સિવાય બીજો વેપાર હતો અને છે.એ વાત ખરી નથી કે મારુ જે ખાતુ છે તે નવનીતભાઈ દેવજીભાઈના નામનો નથી.એ વાત ખરી છે કે નવનીતભાઈ દેવજીભાઈ નામ સિવાયનો કોઈ ખાતુ હોય તો તે મારુ ખાતુ ન હોય અને તે ખાતુ ખોટુ કહેવાય.એ વાત ખરી નથી કે બાયડ મુકામે મારી ગુરુકૃપા ફાઈનાન્સ નામની

પેઢી ચાલતી હતી.એ વાત ખરી નથી કે જે ગુરુકૃપા ફાઈનાન્સ પેઢી ચાલતી હતી તે પેઢી વતી ફરીયાદો મારા તથા અનીલભાઈના નામથી થતી હતી.એ વાત ખરી નથી કે મારી ફાઈનાન્સ પેઢી બંધ થઈ ગયેલ હતી.એ વાત ખરી છે કે મારા નામની ફાઈનાન્સ પેઢી કોઈ ન હતી.એ વાત ખરી છે કે હાલની ચેક રીર્ટન અંગેની જે ફરીયાદ કરેલ તે ફરીયાદવાળો ચેક કરંટ ખાતામાં જમા કરાવેલ છે.મારા અંગત કામ માટે મે વર્ષો અગાઉ કરંટ ખાતુ ખોલાવેલ હતુ.હવે કહુ છુ કે આશરે ૨૬ વર્ષ પહેલા ખાતુ ખોલાવેલ હતુ પરંતુ તે બેંકવાળાએ કરંટ ખાતુ ખોલી નાંખેલ હોય તો તેની મને ખબર નથી.એ વાત ખરી નથી કે આદીત્ય ઈલેકટ્રોનીકસના માલીક ધીરૂભાઈ ઉર્ફે કમલેશભાઈ સાથે મારે વ્યકિતગત તથા અમારી પેઢી સાથે લેવડ દેવડ ચાલતી હતી.એ વાત ખરી છે કે આ કામે મે આંક – ૧૩ થી બેંકમાં ચેક જમા કરાવ્યા અંગેની જે કાઉન્ટર સ્લીપ રજુ કરેલ છે તેમાં એકાઉન્ટ ટાઈપમાં કરંટ ખાતુ લખેલ છે.એ વાત ખરી છે કે મે મારી ફરીયાદમાં જે ચેક રીર્ટન થયેલ છે તેનો ચેક નં.૧૨૦૯૧૮૩૬ નો દર્શાવેલ છે અને આ કામે બેંકમાં ચેક જમા કરાવેલ તેની કાઉન્ટર સ્લીપ આ કામે આંક – ૧૩ થી રજુ કરેલ છે તેમા ચેક નં.૦૯૧૮૩૬ નો લખેલ છે.એ વાત ખરી છે કે આ કામે આંક – ૧૪ થી રજુ કરેલ ચેક રીર્ટન મેમોમાં એકાઉન્ટ નામમાં નંદુભાઈ નવનીતભાઈ દેવજીભાઈ પટેલ લખેલ છે.એ વાત ખરી છે કે આ કામે મે રજુ કરેલ આંક – ૧૨ થી ચેકમાં તારીખ તથા રકમ અંગ્રેજીમાં તથા બાકીની વિગત ગુજરાતીમાં લખેલ છે.એ વાત ખરી નથી કે આરોપીએ અમોને કોઈ ચેક આપેલ નથી કે આરોપી પાસે કોઈ અમારી કોઈ કાયદેસર વસુલ લેવા પાત્ર રકમ નથી અને ખોટો ચેક ઉભો કરી ખોટા ચેકના આધારે ખોટી ફરીયાદ ઉભી કરી સોગંદ પર ખોટી જુબાની આપુ છુ.

(૧૦) સદર કામમાં કેસના ગુણદોષો નકકી કરતા અગાઉ સદરહું કાયદા અંગે સ્પષ્ટીકરણ જરૂરી જણાતુ હોય સદરહું કામમાં જે ગુના સબબ હાલની ફરીયાદ દાખલ થયેલ હોય તેની કાયદાકીય જોગવાઈ લક્ષમાં રાખીએ તો **ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ મુજબ :–** ફરીયાદ વાળો ચેક એથી વિરુધ્ધનુ સાબીત ન થાય ત્યાં સુધી તે (અ) અવેજ વિશે,(બ) તારીખ વિશે, (ક)સ્વીકારના સમય અંગે, (ડ) તબદીલીના સમય અંગે,(ઈ) શેરાઓના ક્રમ વિશે, (ફ) સ્ટેમ્પ વિશે, (ગ) ધારક યથાક્રમ ધારક છે એમ માની લેવા વિશે, અનુમાન કરવાનું છે.**પુરાવના બોજા વિશે** એ પ્રસ્થાપીત હકીકત છે કે , ચેક એ વિનીમયપત્ર છે અને વિનીમયપત્ર અન્વયે ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ મુજબ જો વિરૂધ્ધનુ પુરવાર કરવામાં ન આવે તો અવેજ, તારીખ,સ્વીકારવાનો સમય,તબદીલીનો સમય,શેરાઓના ક્રમ, ગુમ થયેલ

વિનિમયપત્ર ઉપર લગાડેલી પુરતી ટીકીટો સંબંધે અને તેનો ધારણકર્તા કાયદેસરનો ક્રમિક ધારણકર્તા હોવા અંગે કાનુની અનુમાન ધારણા કરી લેવામાં આવશે.તેવી જ રીતે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ –૧૩૯ વંચાણે લેતા તેમાં પણ '' જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં ન આવે ,ત્યા સુધી એવું અનુમાન કરવામાં આવશે કે ,ચેકના ધારકે કલમ – ૧૩૮માં જણાવેલ ચેક, કોઈ દેવું અથવા અન્ય જવાબદારીને પુરેપુરી રીતે અથવા અંશત: જવાબદારી હતો '' આમ,કલમ–૧૩૯ની જોગવાઈઓ જોતા ધારકની તરફેણમાં અનુમાન કરવાની જોગવાઈ સદર કલમમાં કરવામાં આવેલ હોવાનું ફલીત થાય છે. તેવી જ રીતે ધી નેગોશીએબલ ઈનસ્ટ્રુમેન્ટ એકટની કલમ–૨૦ મુજબ જો કોઈ વ્યકિત વિનમયપત્ર ઉપર સહી કરી અન્યને આપે અને તે સંપૂર્ણ ક્રોસ હોય કે અપૂર્ણ વિગતવાળો હોય તો તેવી આપનાર વ્યકિત પ્રમથદર્શનીય રીતે અન્ય વ્યકિતને એવી સતા હસ્તાતંર કરે છે કે , તેમાંની અપૂર્ણ વિગત અથવા અન્ય જરૂરી વિગતો અથવા અન્ય જરૂરી ભરવાની વિગત તેણે સંપૂર્ણ કરી લઈ વિનીમયપત્ર ઉપયોગમાં લેવાનો છે.આમ,ઉપરોકત નોંધેલ કલમ–૧૧૮ ,૧૩૯ અને ૨૦ અન્વયે ઉપલબ્ધ કાનુની અનુમાન અને ધારણ હાથ ઉપરના કેસમાં , ફરીયાદી વિનીમયપત્રનો ધારણકર્તા હોવાનુ માનવાને સબળ કારણ રહે છે. એ ખરુ છે કે, કાનુની અનુમાન અને ધારણા ખંડનીય પ્રકારની છે , અને જો વિરૂઘ્ધનુ પુરવાર કરવામાં આવે તો તેનું કાનુની મુલ્ય રહેતુ નથી.આમ વિરૂઘ્ધની હકીકત સાબીત ન થાય ત્યા સુધી એવુ અનુમાન કરવામા આવશે તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ –૧૩૮ માં દર્શાવ્યા મુજબ તેના કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજમુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે. વણચુકવ્યો પરત થયેલો ચેક હાલનું કાયદેસરનું દેવુ કે જવાબદારી અદા કરવા માટે આપવામાં આવેલ હતો તેવુ અનુમાન કરવામાં આવશે.આનાથી વિરૂઘ્ધ પુરવાર કરવાનો બોજો યાને કે પરત આવેલ વણ ચુકવ્યા ચેક કાયદેસરની જવાબદારી કે દેવા પેટે ન હતો તેમ પુરવાર કરવાનો બોજો તે ચેક લખી આપનાર પર રહે છે. આમ કલમ ૧૧૮(એ) અને ૧૩૯ ના અનુમાનો એ કાયદાના અનુમાનો છે ચોકકસ અનુમાનો છે અને આરોપી તરફથી જયાં સુધી વિરૂઘ્ધ નું પુરવાર ન થાય ત્યા સુધી તે ખંડીત થતા નથી. આ કામે સર્વોચ્ચ અદાલત ઘ્વારા એ સિઘ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે આરોપીએ જેવો શંકાથી પર ચુસ્ત પુરાવો આપવા માટે આરોપીએ સાક્ષીના પાંજરામાં પણ આવવાની જરૂર રહેતી નથી. એટલે કે અનુમાનનું ખંડન આરોપી, ફરીયાદપક્ષે જે પુરાવો રજુ કરેલો

છે તેના દ્વારા પણ તે કરી શકે છે અને આરોપી દ્વારા માત્ર શંકા ઉત્પન્ન કરતો કે શકય પુરાવો આપવો જ જરૂરી છે.

(૧૨) આ કામે આરોપી વિરુધ્ધ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ની કલમ–૧ ૩૮ ના ગુનાનો આરોપ મુકવામાં આવેલ છે. તેથી આ કામે કલમ– ૧૩૮ અને તેની સાથે સંલગ્ન કલમ–૧૪૨ ની કાનૂની જોગવાઈઓ ધ્યાને લેવી મને જરુરી જણાય છે.

કલમ:–૧૩૮.. ખાતામાં અપૂરતા ભંડોળ વગેરેને કારણે ચેકનો અસ્વિકાર: સમગ્ર રીતે અથવા અંશત: કોઈપણ દેવુ કે અન્ય જવાબદારી અદા કરવા માટે,કોઈ વ્યકિત પોતે નિભાવતો હોય તેવા ખાતા ઉપરનો ચેક એ ખાતામાંથી બીજી વ્યકિતને નાણાની ચૂકવણી કરવા માટે બેન્કરને લખે અને એવા ચેકની ચૂકવણી કર્યા વિના બેન્ક એ પરત કરે, કારણ કે,એ ખાતામાંથી જમા રકમ ચેકના સ્વીકાર માટે અપુરતી છે અથવા તો બેન્ક સાથે સમજૂતીની કરેલી વ્યવસ્થા કર્યા મુજબ ચેકની રકમ એ રકમ કરતા વધારે છે ત્યારે,આવી વ્યકિતએ ગુનો કર્યો ગણાશે અને આ કારણની કોઈ અન્ય જોગવાઈઓને બાધ ન આવે તેને બે વર્ષ સુધીની કેદની શિક્ષા જોગવાઈ કરવામાં આવી છે.પરંતુ એમ ઠરાવવામાં આવ્યું છે કે, **(એ)** જયાં સુધી, ચેક લખ્યાની તારીખથી ત્રણ માસ અથવા તે કાયદા માન્ય હોય તે મુદૃત એ બેમાંથી જે વહેલી હોય તે મુદૃતમાં તેવો ચેક બેન્કમાં રજુ કરવામાં આવ્યો ન હોય. **(બી)** જયાં સુધી તે ચેકનો પેઈ અથવા યથાક્રમ ધારક,જેમ હોય તેમ,તે ચેક વણચૂકવ્યો પરત આવ્યાની બેન્ક તરફથી તેને માહિતી મળ્યાના 'ત્રીસ દિવસોની અંદર' તે ચેક લખનારને લેખિત નોટીસ આપીને તેવી રકમની ચૂકવણીની માગણી કરે નહી અને (સી) જયાં સુધી એવો ચેક લખનાર, ચેકના નાણા લેનાર પેઈને અથવા તે ચેકમાં યથાનુક્રમ ધારકને જેમ હોય તેમ,ઉપરોકત નોટીસ મળ્યાના પંદર દિવસમાં એ રકમની ચૂકવણી કરવામાં નિષ્ફળ જાય નહી ત્યા સુધી કલમમાંનું કશું જ લાગુ પડશે નહિ.

સ્પષ્ટીકરણ:– આ કલમના હેતુ માટે '' દેવુ અથવા અન્ય જવાબદારી' એટલે કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવુ દેવુ અથવા અન્ય જવાબદારી એવો થાય છે.

કલમ:–૧૪૨ : ગુનાની નોધ લેવા બાબતે :

સને ૧૯૭૩(૨ ઓફ ૧૯૭૪) ભારતીય ફોજદારી કાર્યવાહી સંહિતામાં ગમે તે સમાવેશ થતો હોય તેમ છતાં. (૧) ચેકના ધારણકર્તાની તરફેણમાં ચૂકવણી થાય છે તેવી વ્યકિતની

લેખીત ફરીયાદ વગર આ કાયદાની કલમ–૧૩૮ અન્વયે સજાપાત્ર ગુનાને કોર્ટ ધ્યાનમાં લેશે નહી. (૨) આ કાયદાની કલમ–૧૩૮ (૩) હેઠળ ઉત્પન્ન થતા ફરીયાદના કારણથી એક મહીનામાં આવી ફરીયાદ ન્યાયાલયમાં કરવામાં આવી હોય.પરંતુ ''જોગવાઈ કરવામાં આવી છે કે ફરીયાદની નોધ અદાલત ધ્વારા નકકી કરેલ સમય પછી પણ લઈ શકાશે, જો ફરીયાદી અદાલતને સંતોષ આપે કે આવા સમયમાં ફરીયાદ ન કરવા માટે તેને પુરતુ કારણ હતુ.'' (૩) આ કાયદાની કલમ–૧૩૮ અન્વયે સજાપાત્ર કોઈપણ ગુનાની ટ્રાયલ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ દરજ્જાની સિવાયની કોઈપણ અદાલત પગલા લઈ શકશે નહી. (૪) પરત થયેલ ચેક માટે એકજ વખત ગુનાનું કોગ્નિજન્સ લઈ શકાય. પાવર ઓફ એટર્નીની રૂએ આપેલ ચેક પરત થાય તો પણ પાવર ઓફ એટર્ની ધારક કુલમુખત્યાર ઉપર ફરીયાદ કરી શકાય અથવા કુલમુખત્યારની ગેરહાજરીમાં કુલમુખત્યારનામુ આપનાર સામે ફરીયાદ થઈ શકે. **આમ, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૮ નો ગુનો જોઈએ તો તેના તત્વો નીચે મુજબ છે.**

૧: કોઈ કાયદેસરના દેવા કે અન્ય જવાબદારી અદા કરવા માટે ચેક આપવામાં આવેલો હોવો જોઈએ. ૨: ચેકના લખનાર વ્યકિતના ખાતામાં અપુરતા નાણા ભંડોળના કારણે જ ચેકનો અનાદર થયેલ હોવો જોઈએ. ૩: ચેક લખ્યા તારીખથી છ માસની સમયમર્યાદામાં કલીયર થવા માટે બેન્કમાં રજુ થયેલ હોવો જોઈએ. ૪: ચેકનો અનાદર થયાબાદ બેન્ક તરફથી માહિતી મળ્યાના ૧૫ દિવસની અંદર(હવે સુધારો થયા બાદ ૩૦ દિવસની અંદર) ચેક લખનારને લેખિત ડીમાન્ડ નોટીસ આપીને ચેકમાંની રકમની માગણી કરેલી હોવી જોઈએ. ૫: નોટીસ મળ્યાના ૧૫ દિવસમાં આરોપી ચેકની રકમ ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયેલ હોવો જોઈએ. ૬: દેવુ કે જવાબદારી કાયદેસર રીતે અમલ કરાવી શકાય તેવી હોવી જોઈએ.

આમ, ઉપરોકત તમામ તત્વો સાબિત કરવામાં ફરીયાદ પક્ષ સફળ થાય તો જ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ની કલમ–૧૩૮ અન્વયે આરોપીને દોષિત ઠરાવી શકાય. આવી જ રીતે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ની કલમ–૧૩૯ ચેકના ધારણકર્તાની તરફેણમાં અનુમાન કરવા બાબત છે એટલે કે વિરુધ્ધની હકિકત સાબિત ન થાય ત્યાં સુધી એવુ અનુમાન કરવામાં આવે છે કે,તે ચેક ધારણ કરનારે તે ચેક

કલમ– ૧૩૮ માં દર્શાવ્યા મુજબ તેના કોઈ દેવા કે અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજામુકત થવા બદલ તે ચેક મેળવ્યો હશે અને આ વણચૂકવાયેલ પરત થયેલ ચેક હાલના કાયદેસરના દેવા અથવા જવાબદારી અદા કરવા સારુ જ આપવામાં આવેલ હતો તેવુ અનુમાન કરવામા આવશે. આમ, આ કામે **આંક– ૨૮** નો ચેક કાયદેસરના દેવા કે જવાબદારી બદલ બોજામાંથી મુકત થવા માટે આરોપીએ ફરીયાદીને આપેલ છે અને આ દેવુ કે જવાબદારી કાયદેસરની છે.અને તેનો કાયદા ઘ્વારા અમલ કરાવી શકાય તેવો છે. તેવુ કલમ–૧૩૯ અન્વયે આ અદાલત અનુમાન કરેશે. આનાથી વિરુઘ્ધનું પુરવાર કરવાનો બોજો યાને કે પરત આવેલ **આંક–૨૮** નો ચેક વણચૂકવ્યા ચેકની વર્તમાનની યાને હાલનો કાયદેસરની જવાબદારી કે દેવા પેટે ન હતો અથવા તો તે ચેક બિનઅવેજી હતો તેમ પુરવાર કરવાનો બોજો તે ચેક લખી આપનાર ઉપર રહે છે. આ કામે હાલના આરોપી ઉપર આ બોજો રહે છે.

આમ, કલમ–૧૧૮ અને ૧૩૯ની કાનૂની જોગવાઈઓ જોઈએ તો કોર્ટ હંમેશાં ફરીયાદીની તરફેણમાં અનુમાન કરવા બંધાયેલ છે, અદાલત ફરીયાદીની તરફેણમાં કલમ–૧૧૮ અને ૧૩૯ મુજબ અનુમાન ન કરે તે માટે વિરુઘ્ધનું પુરવાર કરવાનો બોજો કાયદા ઘ્વારા આરોપી ઉપર નાખવામાં આવેલ છે.પરંતુ કલમ–૧૧૮ અને કલમ–૧૩૯ અન્વયે આ કોર્ટ હાલના આરોપી વિરુઘ્ધ ત્યારે જ ઉપર કહયા મુજબ અનુમાન કરી શકે છે કે જયારે ફરીયાદીની ફરીયાદ કલમ–૧૩૮ અને કલમ–૧૪૨ અન્વયે સમય મર્યાદામાં જ દાખલ કરવામાં આવેલી હોવી જોઈએ અને આ બે કલમોમાં જણાવેલ આદેશાત્મક જોગવાઈઓનુ ફરીયાદ પક્ષે નિ:શંકપણે પાલન કરેલ હોવુ જોઈએ.

(૧૩) સદર કામમાં અત્રેની કોર્ટનું નમ્રપણે માનવુ છે કે, સદર કામમાં ફરીયાદીએ **આંક– ૦૭** થી સરતપાસનો પુરાવો આપેલ છે અને તેઓ ઘ્વારા **આંક–૨૮** વાળો તકરારી ચેક ફરીયાદીએ પોતાના ખાતામાં નાંખેલ હોવાની અને **આંક–૩૦** વાળા રીટર્ન મેમોથી પરત થયેલ હોવાની હકીકત જણાવેલ છે. ત્યારબાદ નિયમઅનુસાર સમય મર્યાદાની અંદર **આંક–૩૨** થી ડીમાન્ડ નોટીસ આરોપીને આપવામાં આવેલી. જે નોટીસ આરોપીને બજી ગયેલી ત્યારબાદ આરોપીએ નિયત સમયમા ફરીયાદીને ચેકની રકમ ચુકવી આપેલ ન હતી જેથી સદરહું ફરીયાદ આરોપી ઘ્વારા અત્રેની કોર્ટમાં નિયમઅનુસાર દાખલ કરવામાં આવેલી.

આમ સદરહું ફરીયાદીએ જે ફરીયાદ નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ-૧૩૮ અન્વયે દાખલ કરેલ છે તેમાં સદરહું કાયદાના તમામ પ્રાવધાનો પુર્ણ કરવામાં આવેલ છે ત્યારે ફરીયાદીની તરફેણમાં સદરહું કાયદાની કલમ-૧૧૮ તથા ૧૩૯ નું અનુમાન ઉત્પન્ન થવા પામેલ છે.

(૧૪) આમ, સદરહું આરોપી પક્ષના શીરે ફરીયાદીના પુરાવાનું ખંડન કરવુ જરૂરી છે. સદરહું ખંડન માટે આરોપીએ વિટનેસ બોકસમાં આવવુ જરૂરી નથી. પરંતુ જો આરોપી પક્ષ ખંડન કરવા માટે ફરીયાદ પક્ષના કેસ પર પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી જેટલો પુરાવો પ્રસ્તુત કરે તો પણ ફરીયાદ પક્ષે તેઓનો કેસ નિ:શંક પણે પુરવાર કરવાનો રહે છે અને આમ, જો આરોપી પક્ષ સદરહું ફરીયાદીના ઉપરોકત પુરાવાનું ખંડન કરવામાં નિષ્ફળ જાય તો ફરીયાદીની તરફેણમાં હુકમ કરવો જરૂરી બને છે અને જો તેમાં સફળ જાય તો આરોપીની તરફેણમાં હુકમ કરવો જરૂરી બને છે. ઉપરોકત હકીકતો ધ્યાનમાં રાખી સદરહું કેસની હકીકતો લક્ષમાં રાખીએ તો એ હકીકત નિર્વીવાદ છે કે, સદર કામમાં ફરીયાદીની ઉલટ તપાસ સિવાય અન્ય કોઈ પુરાવો બચાવ પક્ષ આરોપી ધ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ નથી. તેઓએ માત્ર ને માત્ર ફરીયાદીની ઉલટ તપાસ પર આધાર રાખેલ છે. વધુમાં અત્રેની કોર્ટનું નમ્રપણે માનવુ છે કે, જો આરોપી પક્ષ ફરીયાદીના પુરાવાનું ખંડન કરવામાં સફળ જાય તો ફરીયાદી પક્ષ તેઓનો કેસ નિ:શંકપણે પુરવાર કરવો આવશ્યક છે. આ તબકકે અત્રેની કોર્ટનું નમ્રપણે માનવુ છે કે નામદાર ઉચ્ચ અદાલતના પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને લક્ષમાં રાખવા જરૂરી જણાય છે જે મુજબ **Cri.Law Journal 2008 Page No. 1172** wherein it is held that Accused not required to step into witness box. He may discharge his burden on the basis of materials already brought on record. Question whether statutory presumption rebutted or not. Must be determined in view of other evidence on record. **DCR 2008(1) Page No. 151** wherein it is held that it is not necessary that accused must step into the witness box to discharge the burden of proof in terms of the provisions under section 138. સદરહું કામમાં આરોપી પક્ષે જે ફરીયાદીની ઉલટ તપાસ કરેલ છે તેમાંની મુખ્ય હકીકતો લ ક્ષમાં રાખીએ તો આ કામના આરોપીએ આ ફરીયાદીને હાલનો ચેક આપેલ ન હોવાનો તથા

ફરીયાદીએ ખોટો ચેક ઉભો કરી હાલની આ ખોટી ફરીયાદ કરેલ હોવાનો બચાવ પ્રસ્થાપિત કરવા પ્રયત્ન કરેલ છે. વધુમા, આ આરોપી તર્ફે દલીલ કરવામા આવેલ છે કે, ફરીયાદી ધ્વારા પોતાનુ કાયદેસરનું લેણુ પુરવાર થયેલ નથી અને આરોપી ના ખાતાના ચેક ખોટી રીતે મેળવી લઈ તેનો દુરુપયોગ કરેલ છે. અને ફરીયાદમા જણાવ્યા મુજબ રુપીયા આપી શકે તેવી આર્થીક ક્ષમતા અને આવકના સાધનો પણ ફરીયાદી પુરવાર કરી શકેલ નથી. આમ આરોપીએ હાલનો ચેક કાયદેસર ના દેવા પેટે આપેલ હોય તો તે હકીકત ને અને બચાવપક્ષ ધ્વારા ફરીયાદીની આર્થિક ક્ષમતા ને પણ પડકારવામાં આવેલ છે. આ કામે ફરીયાદી ધ્વારા દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે. આ સંદર્ભમાં આરોપીનો મહત્વનો બચાવ એ છે કે ફરીયાદી આ કહેવાતી રકમ આરોપીને હાથઉછીની આપવા સક્ષમ ન હતા કે આવી કોઈ રકમ તેઓ ફરીયાદ માં જણાવેલ સમયગાળા માં પોતાના હાથ પર હોય તેવો પુરાવો રજુ રાખેલ નથી. કલમ–૧૩૮ અન્વયે ના ગુનામાં ફરીયાદીએ પોતાની ફરીયાદ લાવતા સમયે પોતાની નાણાકીય ક્ષમતા પુરવાર કરવાની હોતી નથી. પરંતુ જયારે ફરીયાદીની નાણાકીય ક્ષમતા ને પડકારવામાં આવે ત્યારે તે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદીની બની રહે છે અને આ સંદર્ભ માં નામ.સુ.કો. ધ્વારા નીચે જણાવેલ ચુકાદાઓ માં પણ આ જ સિધ્ધાંત ઠરાવેલ છે.

o Basalingappa v. Mudibasappa : AIR 2019 SC 1983, *the Hon'ble Apex Court observed that "During his cross-examination, when financial capacity to pay Rs.6 lakhs to the accused satisfactory was reply questioned, given by the there was no complainant. The evidence on record, thus, is a probable defense on behalf of the accused, which shifted the burden on the complainant to prove his financial capacity and other facts".*

◦ APS Forex Service Private International Fashion Hon'ble Court Apex Linkers has Limited AIR Vs. 2020 clarified and SC Shakti 945, the explained the issue as follows "Now so far as the reliance is placed by Learned Counsel appearing on behalf of the accused on the decisionBasalingappa of (supra), this on Court going inhe through case the of said decision, we are of the opinion that the said decision shall not be applicable to the facts of the case on hand and/or the same shall not be of any assistance to the accused. In that case defence by the accused was that the cheque amount was given by the complainant to the accused by way of loan. When the proceedings were initiated under Section 138 of the N.I. Act the accused denied the debt liability and the accused raised the defense and questioned the financial capacity of the complainant. To that, the complainant failed to prove and establish his financial capacity. Therefore, this Court was satisfied that the accused had absence of a probable complainant defence having and consequently failed to prove in his financial capacity, this Court acquitted the accused. In the present case, the accused never questioned the financial capacity of the complainant. We are of the view that whenever the accused has questioned the financial capacity of the complainant in support of his probable defense, despite the presumption under Section 139 of the N.I. Act about the presumption of legally enforceable debt and such presumption is rebuttable, thereafter the onus shifts again on the complainant to prove his financial capacity and at that stage the complainant is required to lead the evidence to prove his financial capacity, more particularly when it is a case of giving loan by cash and thereafter issuance of a cheque".

(૧૫) ઉપરોકત બંને ચુકાદાઓમાં નામ.સુ.કો. સમક્ષ ના કેસ માં આરોપી ધ્વારા ફરીયાદીની નાણાકીય ક્ષમતા ને પડકારવામાં આવેલ હતી. પરંતુ ફરીયાદી પોતાની નાણાકીય ક્ષમતા પુરવાર કરી શકેલ ન હોય, કલમ–૧૩૯ અન્વયે સંભવિત બચાવ આરોપીએ પુરવાર કરેલ હોવાનું ઠરાવેલ છે. તે જોતાં હાલના કામે પણ આરોપીનો બચાવ જોતાં તેઓએ જણાવેલ છે કે ફરીયાદીએ પોતાની ફરીયાદ માં સદર તકરારી રકમ પોતે ખેતીની આવક તથા બચત માંથી આપેલ હોવાનું જણાવે છે. પરંત બચવાપક્ષ તરફે ની ઉલટતપાસ માં પોતે ખેતીનો વ્યવસાય કરતા હોય તેવો કોઈ આધાર પુરાવો આ કામે રજુ કરેલ નથી. વધુમા, આ ફરીયાદીએ તેઓની ખેતીની આવક વર્ષે કેટલી થાય છે તેનો કોઈ પુરાવો પણ આ કામે રજુ રાખેલ નથી. વધુમા, આ ફરીયાદી તેમના ખેતીના મજુરોને આપેલ રકમની નોધ પણ દૈનીક બુકમા કરે છે તેમ છતા આ આરોપીને આપેલ આવી માતબર રકમની કોઈ નોધ દૈનીક બુકમા કરેલ નથી કે આ ફરીયાદી પાસે આવી માતબર રકમ હાથ પર હતી કે ફરીયાદી આ નાણા કયાંથી લાવેલ તેવા કોઈ પુરાવા આ ફરીયાદીએ રજુ કરેલ નથી જેથી આરોપી સામેનુ ફરીયાદીનુ કાયદેસરનુ લેણે પુરવાર થતુ નથી. આ ફરીયાદીની ઉલ્ટ તપાસ ધ્યાને લેતા આ ફરીયાદીએ પોતે ધંધાનો વ્યવસાય કરતા હોય તેવો પુરાવો રજુ રાખેલ ન હોવાનુ સ્વિકારેલ છે અને આ આરોપીને નાણા કયારે અને કોની હાજરીમા આપેલ તેની વિગત પોતાની ફરીયાદ કે સરતપાસમા જણાવેલ ન હોવાનુ પણ સ્વિકારેલ છે. તેમજ, આ નાણા પોતાની પાસે કયાંથી આવેલ તેનો આધાર કે પુરાવો રજુ કરેલ ન હોવાનુ પણ સ્વિકારેલ છે. વધુમા, આ ફરીયાદીએ પોતે ખેતીની જમીન ધરાવતા હોય જેથી કામે આવતા મજુરો તથા રોજમદારોને જે કઈ દૈનીક રૂપીયા આપે છે તેની નોંધ રોજમેળમાં કરતા હોવાની હકીકત સ્વિકારલ છે અને આ આરોપીને નાણા આપેલ તેનો ઉલ્લેખ દૈનીક નોધમા કરેલ ન હોવાનુ પણ સ્વિકારેલ છે. વધુમા, આ ફરીયાદી બાયડ કોર્ટમા અન્ય ચેક અંગેના કેસોમા ફરીયાદી તરીકે રહેલ હોવાનુ પણ સ્વિકારેલ છે. વધુમા, આદીત્ય ઈલેકટ્રનોકસ આરોપીની માલીકીની ન હોવાનુ અને આરોપી ફકત ત્યાં નોકરી કરતા હોવાનુ પણ કબુલ રાખેલ છે. આમ, ફરીયાદી અગાઉ પણ ચેકોમા ફરીયાદી તરીકે રહેલ છે અને આ ફરીયાદી પોતાના દૈનીક હીસાબો પણ નીભાવે છે અને તેમા મજુરોને આપેલ રકમની પણ નોધ રાખે છે તેમ છતા આ ફરીયાદીએ આ આરોપીને આપેલ નાણાની નોધ કોઈ જગ્યાએ કરેલ નથી કે આ

આપેલ નાણા કોઈ સાક્ષીની હાજરીમા આપેલ નથી કે આ આપેલ નાણા અંગે કોઈ કાયદેસરનુ લખાણ કરાવેલ નથી તે હકીકત આ ફરીયાદીએ આ આરોપીને ખરેખર આવી કોઈ કહેવાતી રકમ આપેલ છે કે કેમ ? તે હકીકત સામે શંકા ઉત્પન્ન કરે છે. વધુમા, આ કામના આરોપી તે આદીત્ય ઈલેકટોનીકસ નામની દુકાનમા ફકત નોકરી કરે છે તેમછતા આ ફરીયાદી આ દુકાનના માલીકની જાણ બહાર આ આરોપીને આવી માતબર રકમ રોકડમા કોઈપણ વ્યકિત કે સાક્ષીની ગેરહાજરીમા કે આ દુકાનના માલીકની જાણ બહાર કોઈપણ જાતના કાયદેસરના લખાણ વગર હાથ ઉછીની આપે દે તે વાત માની શકાય તેવી લાગતી નથી. વધુમા, આ ફરીયાદી પોતાની ખેતી અને બચત માથી આ રકમ આપેલ હોવાનુ સ્વિકારેલ છે પરંતુ, આવી કોઈ રકમ આ ફરીયાદી પાસે હાથ પર હતી કે આ ફરીયાદીએ કોઈ બેક માથી આવી કોઈ રકમ ઉપાડેલ હોય કે કોઈ ખેતીની આવક માથી આવી રકમ મેળવેલ હોય તો સંભવત છે કે આવી રકમ ફરીયાદી પાસે હાથ પર હતી તેની નોધ આ ફરીયાદીએ હીસાબો મા રાખેલ હોય પરંતુ, આ ફરીયાદી દવારા આવા કોઈ હીસાબો રાખેલ નથી તેથી પણ આવી કોઈ રકમ આ ફરીયાદી પાસે ઉપલબ્ધ હતી તે હંકીકત સામે શંકા ઉભી થાય છે. આમ, આ આરોપી ફરીયદીના કેસ સામે વાજબી શંકા ઉભી કરવામા સફળ રહેલ છે. આમ, આ કામે ફરીયાદી દાવારા આવી કોઈ રકમ આ આરોપીને આપેલ હોય કે ફરીયાદી પાસે આવી માતબર રકમ હાથ પર હતી કે, ફરીયાદી આવી માતબર રકમ ચુકવવા સક્ષમ હતા તે હકીકત સામે વાજબી શંકા ઉભી થાય છે. ફરીયાદીએ આ હકીકતો અંગે કોઈ ખુલાસો કરેલ નથી ત્યારે ફરીયાદીએ તેમનો જે કેસ પ્રસ્તુત કરેલ છે અને ઉલટતપાસમાં જે હકીકતો જાહેર કરેલ છે તેમાં વિસંગતતા ઉત્પન્ન થાય તેવો પુરાવો આરોપી પક્ષ રજુ કરવામાં સફળ બનેલા છે. આરોપી પક્ષે જે મુખ્ય બચાવ લીધેલ છે કે, તકરારી ચેક અન્વયેની રકમ કાયદેસરની લેણી છે તેવુ ફરીયાદી પુરવાર કરી શકેલ ન હોય ત્યારે D.C.R. 2009 (1) page 327: From the cross-examination, it is clear that the complainant is not honest and completely unreliable and his credibility has been completely destroyed complainant has not been able frame his case. સદર કામમાં ફરીયાદીએ તેઓની ખેતીની આવક વર્ષે કેટલી થાય છે તેનો કોઈ પુરાવો પણ આ કામે રજુ રાખેલ નથી. વધુમા, આ ફરીયાદી તેમના ખેતીના મજુરોને આપેલ રકમની નોધ

પણ દૈનીક બુકમા કરે છે તેમ છતા આ આરોપીને આપેલ આવી માતબર રકમની કોઈ નોધ દૈનીક બુકમા કરેલ નથી કે આ ફરીયાદી પાસે આવી માતબર રકમ હાથ પર હતી કે ફરીયાદી આ નાણા કયાંથી લાવેલ તેવા કોઈ પુરાવા આ ફરીયાદીએ રજુ કરેલ નથી ત્યારે ઉપરોકત ચુકાદો આરોપી પક્ષને મદદરૂપ બને છે. વધુમા, 2000 (1) S.C. at page 195 para-22 The burden of proof cast on the accused under section 35, can be discharged through different modes. One is that, he can rely on the materials available in the prosecution evidence. Next is, in addition to that he can elicit answers from prosecution witnesses through cross-examination to dispel any such doubt. He may also adduce other evidence when he is called upon to enter on his defence. In other words, if circumstance appearing in prosecution case or in the prosecution evidence are such as to give reasonable assurance to the court that appellant could not have had the knowledge or the required intention, the burden case on him under section 35 of the act would stand discharged even if he has not adduced any other evidence of his own when he is called upon to enter on his defence. આ કામમાં અત્રેની કોર્ટનું એવુ નમ્રપણે માનવુ છે કે, જયારે ફરીયાદી પક્ષને તેઓનો કેસ તથા દસ્તાવેજી પુરાવા અનુસંધાને શંકા ઉત્પન્ન કરતો પુરાવો પ્રસ્તુત થયેલો હોય ત્યારે ફરીયાદીની નૈતિક જવાબદારી હતી કે તેઓ યોગ્ય અને સંતોષકારક દસ્તાવેજી પુરાવા પ્રસ્તુત કરે જેથી ઉપરોકત ચુકાદો આરોપી પક્ષને મદદરૂપ બને છે. વધુમા, આ કામે આરોપીપક્ષ ફરીયાદ પક્ષના કેસ સામે શંકા ઉભી કરવામા સફળ રહેલ છે ત્યારે ફરીયાદીપક્ષના શીરે સદરહું ફરીયાદ નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી વધી જાય છે. વધુમાં આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટના **SCC 2007(Cri.) Page No. 498** wherein it is held that the law that Standard proof in discharge of the burden in terms of Section 139 of the Act being of preponderance of probability, the inference therefore can be drawn not only from the materials brought on record

but also from the reference to the circumstances upon which the accused relies upon. Categorically stating that the burden of proof on the accused side is not as high as that of the prosecution. A.**C.R 2012(1) Page No. 50** wherein it is held that Preponderance of Probabilities- If the accused side is able to raise a probable defence which creates doubts about the existence of a legally enforceable debt, the prosecution can fail. આમ,ઉપરોકત ચર્ચાથી એટલી હકીકત ફલિત થાય છે કે, હાલના ફરીયાદી ધ્વારા કરવામાં આવેલ કથનનું ખંડન આરોપી પક્ષે સફળતા પુર્વક પુરવાર કરેલ છે.આમ સદરહું ઉપરોકત કરેલ ચર્ચાના અંતે હાલના કામમાં ફરીયાદ પક્ષ તેઓનું કાયદેસરનું લેણું આરોપી પાસે માંગતા હોવાની હકીકત શંકા રહિત પુરાવાથી પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલા હોય ત્યારે સદર કામમાં આરોપીએ જયારે ફરીયાદીના કેસ પર શંકાના વાદળો પુરવાર કરવામાં સફળતા મેળવેલ હોય ત્યારે તે શંકાનો લાભ આરોપીને આપવો ન્યાયોચિત જણાય છે. તેથી સમગ્ર ચર્ચાને અંતે મુદા નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદા નં. ૨ પરત્વે નીચે મુજબનો હુકમ ન્યાયના વિશાળ હિતમાં જાહેર કરૂ છુ.

-:: હુકમ ::-

(૧) આ કામના પટેલ સંજયકુમાર સુભાષભાઇ,રહે. રામપુર કંપા(વસાદરા), તા.બાયડ ,જી.અરવલ્લી નાઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ- ૨૫૫ (૧) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના આક્ષેપિત આંક-૧ ની ફરીયાદવાળા ગુન્હામાંથી શંકાનો લાભ આપીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ: ૪૩૭ (એ) અન્વયે રૂા- ૧૫,૦૦૦/- ની રકમના જામીન તથા જાત મુચરકા છ માસના સમય માટે રજુ કરવા.

ઉપરોકત હુકમ આજરોજ તારીખ ૧૫ મી માહે : એપ્રીલ સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

બાયડ તા. ૧૫/૦૪/૨૦૨૬	(વિજય ચંદુલાલ મકવાણા) એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ બાયડ કોડ નં. જી.જે. ૦૦૯૯૭